ટ્રાન્સમિશન લાઇન/ટ્રાન્સમિશન ટાવર ઊભા કરતી વખતે જમીન/પાક/ ફળાવ/ઝાડને થયેલ નુકશાનના વળતર અંગેની માર્ગદર્શિકામાં સુધારા બાબત

**ગુજરાત સરકાર**

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

ઠરાવ ક્રમાંક:જીઈટી-૧૧-૨૦૧૫-જીઓઆઈ-૧૯૯-ક

સચિવાલય, ગાંધીનગર.

તા 01 MAR 2024

**વંચાણે લીધા:-** (૧) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા.૧૪.૦૮.૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક :જીઈટી-૧૧-૨૦૧૫- જીઓઆઈ-૧૯૯-ક

(૨) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા.૨૦.૦૯.૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક :જીઈટી-૧૧-૨૦૧૫- જીઓઆઈ-૧૯૯- ક

(૩) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા.૩૧.૧૨.૨૦૨૧નો ઠરાવ ક્રમાંક : જીઈટી-૧૧-૨૦૧૫- જીઓઆઈ-૧૯૯- ક

(૪) મહેસુલ વિભાગનો તા ૧૩.૦૪.૨૦૨૩નો ઠરાવ ક્રમાંક એસટીપી-૧૨૨૦૨૩-૨૦- હ.૧

(૫) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા.૨૫.૦૮.૨૦૨૩નો ઠરાવ ક્રમાંક : જીઈટી ૧૧-૨૦૧૫- જીઓઆઈ-૧૯૯- ક

**પ્રસ્તાવના:**

આ વિભાગના તા. ૧૪.૦૮.૨૦૧૭ અને તા ૩૧.૧૨.૨૦૨૧ના અને તા ૨૫.૦૮.૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:જીઈટી-૧૧-૨૦૧૫-જીઓઆઈ-૧૯૯- ક થી ટ્રાન્સમિશન લાઈન/ટ્રાન્સમિશન ટાવર ઊભા કરતી વખતે જમીન/પાક/ ફળાવ/ઝાડને થયેલ નુકશાનના વળતર અંગે અનુક્રમે માર્ગદર્શિકા અને સુધારા ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઉક્ત સંદર્ભિત ઠરાવ (૧) અને (૩)ની જોગવાઈ અન્વયે જમીન માલિકો/ખેડૂતોને થયેલ જમીનના નુકસાન પેટે આપવામાં આવતું વળતર વર્ષ ૨૦૧૧ની જંત્રીની સાપેક્ષમાં વર્ષ ૨૦૨૩માં આશરે ત્રણ ગણું મળવા પાત્ર થાય છે. જયારે મહેસૂલ વિભાગના ઉક્ત સંદર્ભિત ઠરાવ ક્રમાંક (૪) અનુસાર વળતરની ગણતરી,કરવામાં આવે તો તે વર્ષ ૨૦૧૧ની જંત્રીની સાપેક્ષમાં વર્ષ ૨૦૨૩માં આશરે બમણું વળતર મળવા પાત્ર થાય. આથી નિયત થયેલ વળતર પ્રમાણમાં ઓછું થતું હોય, કેટલાક કેસમાં ખેડૂતો દ્વારા વધુ વળતરની માંગણી કરી લાઈન નાખવામાં વિરોધ દર્શાવવામાં આવેલ . જેના પરિણામે આવા સ્થળોએ વીજ પ્રવહન માટે જરૂરી એવું નેટવર્ક પ્રસ્થાપિત કરવામાં વિલંબ થાય છે. આથી, સંદર્ભિત પત્ર (૫)થી નવી ટ્રાન્સમીશન લાઈનના નિર્માણ કરતી વખતે વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૬૭ અને કલમ ૬૮માં તથા તેની સાથે ભારતીય ટેલીગ્રાફ એક્ટ ૧૮૮૫ ની કલમ ૧૦ અને કલમ ૧૬માં થયેલ જોગવાઈ મુજબ વ્યાખ્યાયિત " નુકસાન " માટે અસરગ્રસ્ત વ્યક્તિઓને તેઓની

જમીનના મૂલ્યમાં થતા ઘટાડા પેટે વળતર આપવાની જોગવાઈ અન્વયે, સંદર્ભિત ઠરાવ (૧) અને (૩)થી બહાર પાડેલ માર્ગદર્શિકાની જોગવાઈઓ મહેસુલ વિભાગ દ્વારા જંત્રી અંગેની નવી પોલીસી બને અથવા વધુ ૬ માસ માટે, બંને માંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલીકરણ કરવાનો નિર્ણય લેવામાં આવેલ. ઉક્ત ઉલ્લેખિત માર્ગદર્શિકા અનુસારના વળતરના દરોમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

તેના અનુસંધાને, ટ્રાન્સમિશન લાઈનોના નિર્માણ અને હાલની ટ્રાન્સમિશન લાઈનની જાળવણી અને મરામતની કામગીરી કરતી વખતે ખેડૂત મિત્રો/જમીનધારકોની જમીન ઉપર ઉભેલા પાક-ઝાડ-ફળાવને થયેલ નુકશાન પેટે ચૂકવવામાં આવતા વળતર અંગે જરૂરી સમીક્ષા કરવાના આશયથી વિભાગના તા.૨૦.૦૯.૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક: જીઈટી-૧૧-૨૦૧૫-જીઓઆઈ-૧૯૯- ક થી અગ્રસચિવશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સના અધ્યક્ષપણા હેઠળ રચાયેલ સમિતિ દ્વારા ૧૪.૦૮.૨૦૧૭ની માર્ગદર્શિકામાં સૂચવ્યા મુજબના વળતરમાં સુધારા કરવા અંગેની બાબતને લગતા મુખ્ય મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા અને વિચારણા કરવા તા ૦૯.૧૧.૨૦૨૩ના રોજ બેઠક યોજવામાં આવેલ. તદાનુસાર, ઉક્ત બેઠકમાં પ્રવર્તમાન તા ૩૧.૧૨.૨૦૨૧ના ઠરાવ અંગેની જોગવાઈ ને ધ્યાને લઈને, બેઠકમાં વળતર અંગેના દરોમાં જરૂરી સુધારા કરવા સારુ સરકારશ્રીની મંજુરી મેળવવા માટે રજૂ કરવામાં આવેલ.

**<u>સુધારા ઠરાવ:</u>**

આ વિભાગના તા. ૧૪.૦૮.૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક :- જીઈટી-૧૧-૨૦૧૫-જીઓઆઈ-૧૯૯- ક થી ટ્રાન્સમિશન લાઇન/ટ્રાન્સમિશન ટાવર ઊભા કરતી વખતે જમીન/પાક/ ફળાવ/ઝાડને થયેલ નુકશાનના વળતર અંગેની માર્ગદર્શિકામાં પ્રવર્તમાન સંજોગો અને નવા જંત્રી દરોને ધ્યાને લઈ સુધારો કરવાની બાબતને પુખ્ત વિચારણાને અંતે, ઉક્ત ઠરાવની જોગવાઈ પાક-ઝાડ-ફળાવ પેટે થયેલ નુકશાન સામે આ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી નીચે મુજબ વળતર, મૂળ ઠરાવની અન્ય શરતોને અધીન, આપવાનું રહેશેઃ-

(૧) ટ્રાન્સમિશન ટાવર / માળખાના સ્થાપનને કારણે ટાવર આધારિત વિસ્તાર (ટાવરના ચાર પાયા વચ્ચેનો ભાગ)ની જમીનના નુકશાન પેટે વળતર ચૂકવવું અને આ માટે વળતરની ગણતરી કરતી વખતે, જે-તે સમય અને સ્થળના સરકારશ્રીના પ્રવર્તમાન ઓન લાઈન જંત્રી દરો(ખેતી/બિન ખેતી મુજબના)ના ૨૦૦% લેખે ગણી વળતરની ચુકવણી કરવાની રહેશે. જેમાં વાર્ષિક ૧૦% લેખે વધારો (compounding escalation) ધ્યાને લેવાનો રહેશે. (જે વર્ષમાં મહેસુલ વિભાગ દ્વારા જંત્રીના દર રીવાઈઝ (revise) ન કર્યા હોય ત્યારે ઉક્ત ઓન લાઈન જંત્રી દરોમાં ૧૦% લેખે વધારો (compounding escalation) ગણી વળતરની ચુકવણી કરવાની રહેશે.)

(૨) RoW Corridor (Right of Way Corridor) (ટ્રાન્સમિશન લાઈનના રેષાઓની પહોળાઈ)ના કારણે જમીનના મૂલ્યમાં થતાં ઘટાડા અંગેના વળતર સંદર્ભમાં, RoW Corridor માટે, જમીન માલિકની જમીન ઉપરથી પસાર થતાં પ્રવહન રેષાઓની પહોળાઈ તથા લંબાઈને અનુલક્ષીને જમીનના વિસ્તારના, ૨૫% લેખે વળતરનું ચૂકવણું કરવાનું રહેશે. આ માટે વળતરની ગણતરી કરતી વખતે, જ્યાં પણ જરૂરી હોય ત્યાં જે-

તે સમય અને સ્થળના, સરકારશ્રીના પ્રવર્તમાન, ઓન લાઇન જંત્રી દરોના ૨૦૦% લેખે ગણી વળતરની રકમ આખરી કરવાની રહેશે. જેમાં વાર્ષિક ૧૦% લેખે વધારો (compounding escalation) ધ્યાને લેવાનો રહેશે. (જે વર્ષમાં મહેસુલ વિભાગ દ્વારા જંત્રીના દર રીવાઈઝ (revise) ન કર્યા હોય ત્યારે ઉક્ત ઓન લાઈન જંત્રી દરોમાં ૧૦% લેખે વધારો (compounding escalation) ગણી વળતરની ચુકવણી કરવાની રહેશે.)

(૩) ફળાવ ઝાડ તથા અન્ય વૃક્ષના નુકશાન પેટે વળતર ચૂકવતી વખતે મહેસૂલ વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ તા.૧૨.૦૧.૨૦૨૧ના પરિપત્ર ક્રમાંક: એલ.એ.ક્યુ./૨૨/૨૦૧૮/૧૫૫૦/ઘ અને તેના સંલગ્ન તા.૧૩.૦૭.૨૦૨૩ના પરિપત્ર ક્રમાંક: એલ.એ.ક્યુ./૨૨/૨૦૧૮/૧૫૫૦/ઘ પ્રમાણે વળતર ચુકવવાનું રહેશે.

૨. વધુમાં, લાઈનના માર્ગ (Route) નક્કી કરતા પહેલા સ્થાનિક વહીવટી સત્તામંડળો સાથે જરૂરી પરામર્શ કરવો અપેક્ષિત છે. અને જ્યાં ખરાબાની કે ગૌચર જમીન ઉપલબ્ધ હોય ત્યાં તકનીકી ચકાસણી કરી ટ્રાન્સમિશન લાઈન શકય હોય ત્યાંસુધી ખેતીની જમીનમાંથી ઓછામાં ઓછી રીતે પસાર થાય તેની તકેદારી રાખવાની રહેશે.

૩. ગુજરાત સરકારના તા. ૧૪.૦૮.૨૦૧૭ના ઠરાવની અન્ય શરતો અને જોગવાઈઓ યથાવત રહેશે.

૪. આ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી અમલી બનશે.

૫. ઉકત ઠરાવ મહેસૂલ વિભાગની તા.૧૯.૦૧.૨૦૨૪ની તથા નાણા વિભાગની તા. ૨૮.૦૧.૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ પટેલ)
**ખાસ ફરજ પરના અધિકારી**
ઊર્જા અને પેટ્રોકેમીકલ્સવિભાગ

નકલ જરૂરી કાર્યવાહી માટે રવાના પ્રતિ:-

(૧) નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
(૨) સચિવશ્રી, વીજળી મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હી.
(૩) માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૪) માન. મંત્રીશ્રી (નાણાં અને ઉ.પે.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૫) માન. મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી,બ્લોક નં ૧, પાંચમો માળ, સચિવાલય, ગાંધીનગર.

(૬) સચિવશ્રી, ગુજરાત વિજ નિયમન આયોગ, ગીફ્ટ સીટી, ગાંધીનગર.

(૭) ગુજરાત સરકારના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર

(૮) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી., વડોદરા.

(૯) મેનેજીંગ ડીરેકટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લી., મહેસાણા.

(૧૦) મેનેજીંગ ડીરેકટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લી., સુરત.

(૧૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લી., વડોદરા.

(૧૨) મેનેજીંગ ડીરેકટરશ્રી. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી., રાજકોટ.

(૧૩) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લી., વડોદરા.

(૧૪) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.,વડોદરા.

(૧૫) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, પાવર ગ્રીડ કોર્પોરેશન લિ., નવી, દિલ્હી/વડોદરા.

(૧૬) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. વડોદરા.

(૧૭) તમામ કલેકટરશ્રી, ગુજરાત રાજ્ય

(૧૮) મુખ્ય વિદ્યુત નિરિક્ષકશ્રી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

(૧૯) ચેરમેનશ્રી, ટૉરેન્ટ પાવર લી. અમદાવાદ.

(૨૦) સર્વે શાખા, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨૧) પસંદગી ફાઈલ.